# કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## ગોધરા-૩૮૯૦૦૧

## “પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ” વિષય પર એક દિવસીય મહિલા ખેડૂત તાલીમ કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે “એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ ઍંજિનિયરિંગ બેજ્ડ ઇન્ટરવેનસનસ” પ્રોજેકટ અંતર્ગત રિન્યુએબલ એનર્જી ઍંન્જીનિયરિંગ વિભાગ અને આદિવાસી સંશોધન – વ – તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ના સંયુકત ઉપક્રમે “પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ” વિષય પર એક દિવસીય મહિલા ખેડૂત તાલીમ કાર્યક્રમ તારીખ ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ રિન્યુએબલ એનર્જી ઍંન્જીનિયરિંગ વિભાગ, કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે યોજવામાં આવ્યો. સદર મહિલા તાલીમ કાર્યક્રમ નું આયોજન ડૉ. કે. બી. કથેરીયા, મા. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગામ: રેબારી, તાલુકો: દેવગઢબારિયા, જિલ્લો દાહોદ થી ૪૦ જેટલી ખેડૂત મહિલાઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ, આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, ગોધરા ; કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજના તમામ વિભાગીય વડાશ્રીઓ, કોલેજ તેમજ દેવગઢબારિયાના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યા.

કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, ગોધરાના આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ દ્વારા તાલીમાર્થીઓને પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતો થી ચાલતા જુદા જુદા સાધનો જેવાકે સોલર પમ્પિંગ તેમજ લાઈટીંગ સિસ્ટમ, બાયોગેસ નું મહત્વ અને તેની ઉપયોગીતા, બાયોચાર અને બાયોમાસ ના વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તેના માટે ઉપયોગમાં લેવાતી જુદી જુદી પદ્ધતિઓનો ખેતીમાં ઉપયોગ કેવી રીતે કરી ખેત પેદાશોનું ઉત્પાદન કેવી રીતે વધારી શકાય અને કેવી રીતે ખેડૂત તેની આવક વધારી શકે તેના વિશે માહિતગાર કરવામાં આવેલ હતા. વધુમાં જમીનમાં બાયોચાર નો ઉપયોગ અને બાયોગેસ ટેક્નોલૉજી દ્વારા નીકળતી સ્લારીનો ઉપયોગ કરી જમીનની ફળદ્રુપતા તેમજ ઉપજ કેવી રીતે વધારી શકાય તેના વિશે પણ માહિતી આપેલ હતી.
















સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજનાના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા “પુનઃ પ્રાપ્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ” તેમજ “નિર્ધૂમ ચુલા થી થતા ફાયદા અને ગેર ફાયદા” અને “ખેતરમાં સિચાઈ કરવા માટે વપરાતા સોલર

પમ્પિંગ સિસ્ટમ અને તેમજ સોલર લાઇટિંગ સિસ્ટમ" વિષય પર, ઈજ. જે. શ્રવણકુમાર, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા "સૂર્યકુકરનું મહત્વ અને તેની ઉપયોગીતા" અને "સૌર સુકવણી યંત્રનું મહત્વ અને તેની ઉપયોગીતા" વિષય પર અને ઈજ. જે. જે. ચાવડા, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા "જુદા જુદા પ્રકારના બાયોગેસ પ્લાન્ટ અને તેના ફાયદા અને ગેરફાયદા" અને "વીજ બચતના ઉપાયો" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ હતા. તદુપરાંત મહિલા તાલીમાર્થીઓને બૉક્સ ટાઇપ સૂર્યકુકર કેવી રીતે કાર્ય કરે છે અને ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલાનું, સૌર સુકવણી યંત્ર, સોલર પમ્પિંગ સિસ્ટમ અને પેરબોલિક ટાઇપ સૂર્યકુકર પણ સીધું પ્રાયોગિક નિદર્શન કરી બતાવવામાં આવેલ હતું. વધુમાં મહિલા ખેડૂત બહેનોએ સદર તાલીમમાં બતાવેલ બાયોગેસ ની ઉપયોગિતા, બૉક્સ ટાઇપ સૂર્યકુકર તેમજ ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલા તેમને કેવી રીતે ઉપયોગી થશે તેના અભિપ્રાય પણ આપેલ હતા.

તાલીમના અંતે ઈજ. જે. શ્રવણકુમાર,મદદનીશ પ્રાધ્યાપક, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડૂત બહેનો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.